**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૦૬/૨૦૨૩**
**આંક-૧ જામીન અરજી નીચે હુકમ**

=============================================================

1. અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો ગુનો કરેલ નથી. પોલીસે શંકાને આધારે અટક કરેલા છે. આરોપી સ્થાનિક રહીશ છે, કુંટુબ કબીલા સાથે રહે છે. આરોપીને જેલમાં મોકલી આપવામાં આવે તો તેના કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને તેમના ઉજ્જવળ ભવિષ્યનો અકાળે અંત આવે તેમ છે. આરોપી નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. ફરિયાદ પક્ષ કે સાહેદો સાથે ચેડા કરે તેમ નથી કે ધાક ધમકી આપે તેમ નથી. ના.કોર્ટ જે કોઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું આરોપી ચુસ્તપણે પાલન કરશે. જે તમામ હકીકતો ધ્યાને રાખીને અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરી છે.

2. અરજદાર તરફે વિ.વ.શ્રીએ મહદઅંશે જામીન અરજીમાં જણાવેલ હકીકતો મુજબની દલીલો કરી છે. વધુમાં ના.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું આરોપી ચુસ્તપણે પાલન કરશે અને ટ્રાયલ દરમ્યાન બિનચુક સમયસર અદાલતમાં પણ હાજર રહેશે તેમ જણાવી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા ભારપૂર્વક દલીલ કરી છે. જ્યારે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ વાંધો હોવા મતલબનો જામીન અરજી ઉપર શેરો કરેલ છે અને વધુમાં દલીલ કરી છે કે, આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવશે તો તપાસ ઉપર ગંભીર અસર પહોંચે તેમ હોઈ જામીન અરજી નામંજુર કરવા ભારપૂર્વક દલીલ કરી છે.

3. તમામ હકીકત અને સંજોગો ધ્યાને લીધા. એફ.આઈ.આર.,પોલીસ પેપર્સ અને આરોપી સામે નોંધાયેલ ગુનાની ગંભીરતા ધ્યાને લીધી. આ તબક્કે એફ.આઈ.આર.ની હકીકત મુજબ આરોપીઓ વિરૂદ્ધ ના.કોર્ટના હુકમ મુજબ ફરિયાદ દાખલ થયેલી છે. આરોપીઓ વિરૂદ્ધ નોંધાયેલ ગુનાની સજાની જોગવાઈ ધ્યાને રાખવામાં આવે તો મોતની, આજીવન કેદની કે સાત વર્ષથી વધુ સજાને પાત્ર ગુનો નોંધાયેલ નથી. આ તબક્કે નામદાર સુપ્રિમકોર્ટે **Arnesh Kumar Versus State of Bihar, AIR 2014 SUPREME COURT 2756 :: 2014 AIR SCW 3930, Satender Kumar Antil v. Central Bureau Of Investigation, AIROnline 2022 SC 956 :: 2022 SCC OnLine SC 825, MISCELLANEOUS APPLICATION - 1849 of 2021, decided on 11/07/2022** અને **Sanjay Chandra Versus CBI, 2011(8) Supreme 270, Supreme Court of India** ના કામે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લીધા. પ્રસ્તુત કામે જોવામાં આવે તો આરોપી સ્થાનિક રહીશ છે, તપાસમાં સહકાર આપવાની ખાતરી આપે છે. જે તમામ હકીકતો ધ્યાને રાખવામાં આવે તો તપાસ અને ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ છે. આરોપીઓને ચુસ્ત અને કડક શરતોને આધીન

જામીન મુક્ત કરવામાં આવે તો તે ઉચિત જણાતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

1. અરજદાર/આરોપી તરફે રજૂ હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.
2. અરજદાર/આરોપી (૧) ઈલ્યાસ ઈકબાલ ચૌહાણ, (૨) મોહમદ ઈકબાલ મોહમદ વજીર ચૌહાણ, (૩) મોહમદ આદીલ મોહમદ ઐયુબ ચૌહાણ, (૪) અબ્દુલ જબ્બાર અબ્દુલ મજીદ ચૌહાણ, (૫) અસ્લમ મોહમદ હનીફ ચૌહાણ, (૬) મોહમદ ઈમરાન મોહમદ હનીફ ચૌહાણ, (૭) અબ્દુલ કૈયુમ મોહમદ ઐયુબ મોમ, (૮) મોહમદ સૈફ મોહમદ ઈસ્માઈલ ખત્રી અને (૯) એઝાઝ અસ્લમ મિસ્ત્રી દરેક નાએ <u>રૂા.૨૫,૦૦૦/-</u> (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) લેખે સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી <u>ઉધના</u> પોલીસ સ્ટેશન <u>પાર્ટ-એ</u>, F.I.R. નં.૧૧૨૧૦૦૪૭૨૩૧૬૬૭/૨૦૨૩, <u>ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪, ૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૪૯</u> મુજબના ગુનાના કામે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો</u>

1. અરજદાર/આરોપીએ ચાર્જશીટ દાખલ થાય નહીં ત્યાં સુધી દર અંગ્રેજી માસની ૧લી અને ૧૫મી તારીખે સવારના કલાક ૦૯-૦૦ થી કલાક ૦૫-૦૦ વાગ્યા દરમ્યાન તપાસ અધિકારીશ્રી સમક્ષ હાજરી પુરાવવી.
2. અરજદાર/આરોપીએ ત.ક.અ.શ્રીને તપાસમાં સંપૂર્ણ સાથ સહકાર આપવો.
3. અરજદાર/આરોપીએ આ પ્રકારના કે અન્ય કોઈ ગુનામાં સંડોવાવુ નહીં.
4. અરજદાર/આરોપીએ ફરિયાદી, સાહેદોને લોભ-લાલચ કે ધાક-ધમકી આપવી નહીં.
5. અરજદાર/આરોપીએ પોતાનું રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર સહીત જાહેર કરવું તથા ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.
6. અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

હુકમ આજ <u>તા.૧૩ મી માહે-ઓગષ્ટ, સને ૨૦૨૩</u> ના રોજ <u>અર્જન્ટ ચાર્જ દરમ્યાન</u> સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ - <u>૧૩/૦૮/૨૦૨૩</u>
સ્થળ - સુરત

(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)
જજ કોડ - જીજે૦૧૬૦૬
જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ),
(Urgent Charge) સુરત